નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સત્યપ્રિય, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક
ગુજરાત ટુડે
GUJARAT TODAY
VALUABLE EXPERIENCE GT 34 YEARS GUJARAT TODAY
Ahmedabad
24-DEC-2024
TUESDAY
www.gujarattoday.in
GUJARAT TODAY

### સુરત શહેર પત્રકાર કલ્યાણ નિધિ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં

# કે.પી. ગ્રુપના ચેરમેન ડો. ફારૂક પટેલને વિશેષ વ્યક્તિ સન્માન એવોર્ડ એનાયત



(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૩

સુરત શહેર પત્રકાર કલ્યાણ નિધિ દ્વારા પ્રતિ વર્ષ યોજાતો પત્રકાર સન્માન અને એવોર્ડ વિતરણ સમારોહ આજરોજ સવારે સાડા નવ કલાકે પાલ ખાતે આવેલ સંજીવ કુમાર ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો. આ સમારોહમાં લાઈફ મિશન અને વિખ્યાત પ્રવકતા ડો. જ્ઞાનવત્સલ સ્વામી તથા જાણીતા લોક કલાકાર પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડના હસ્તે એવોર્ડ વિતરણ કરાયા હતા. આ સમારોહમાં એનાયત કરાયેલા વિવિધ એવોર્ડમાં બટુકરાય દીક્ષિત એવોર્ડ પ્રસન્ન ભટ્ટ, હિમાંશુ ભટ્ટ તેમજ આરિફ નાલબંધને એનાયત કરાયો હતો. જ્યારે પીઠાવાળા નેશનલ એવોર્ડ મૃગાંક પટેલ તેમજ સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ એવોર્ડ રાકેશ ઢિમ્મરને અપાયા. આ ઉપરાંત શ્રેષ્ઠ કટાર લેખન એવોર્ડ માટે અમીતાબેન મહેતા, સૌરભ શાહ, મયુર પાઠક અને સંજય છેલને એનાયત થયા તેમજ વિશેષ વ્યક્તિ એવોર્ડ નાટ્યવિદ નરેશ કાપડિયા અને કે.પી. ગ્રુપના ડો. ફારૂક પટેલને એનાયત કરાયા. જ્યારે રેશમવાલા જર્નાલિઝમ સ્ટુડન્ટ એવોર્ડ યુચિત પટેલને, શ્રેષ્ઠ અહેવાલ લેખનનો એવોર્ડ પ્રજ્ઞેશ ભટ્ટ, શ્રેષ્ઠ તસવીર રાજ્ય કક્ષાનો એવોર્ડ હેતલ શાહ અને નિર્ભય કાપડિયાને સંયુક્ત પણે તેમજ શહેર કક્ષાના શ્રેષ્ઠ અહેવાલ માટે ઉપેન કાપડીને અર્પણ કરાયો હતો. શાહબુદ્દીન રાઠોડે પોતાના અંદાઝમાં લોકોને હસાવ્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
૪ ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત મંગળવાર ૨૪ ડિસેમ્બર, ૨૦૨૪







# સુરત શહેર પત્રકાર કલ્યાણનિધિનો એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો

**રાષ્ટ્રની** ભાવિ મજબૂતી, તંદુરસ્તી મિડિયા અને યુવાધનના હાથમા છે : સ્વામી જ્ઞાનવત્સલજી કલાકાર શાહબુદીન રાઠોડે મેરેથોન સ્પીચમાં સૌને પેટ પકડીને હસાવ્યા

## એવોર્ડ વિજેતાઓ અને સન્માનીય વ્યક્તિઓ

**બટુકરાય દીક્ષિત પત્રકાર સન્માન એવોર્ડ**

- ૨૦૧૬ - પ્રસન્ન ભટ્ટ
- ૨૦૧૮ - હિમાંશુ ભટ્ટ
- ૨૦૨૪ - આરિફ નાલબંધ (ગુજરાતમિત્ર)

**શ્રી સી.કે. પીઠાવાલા નેશનલ એવોર્ડ**

- ૨૦૨૪ - મૃગાંક પટેલ

**શ્રી સી.કે. પીઠાવાલા સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ એવોર્ડ**

- ૨૦૨૪ - રાકેશ ઢીંમર (ગુજરાતમિત્ર)

**શ્રી ચંદ્રકાન્ત પુરોહિત શ્રેષ્ઠ કટાર લેખક એવોર્ડ**

- ૨૦૧૬ - અમિતાબેન મહેતા
- ૨૦૧૮ - સૌરભ શાહ
- ૨૦૨૪ - મયુર પાઠક
- ૨૦૨૪ - શ્રી સંજય છેલ

**વિશેષ વ્યક્તિત્વ એવોર્ડ**

- ૨૦૧૮ - નરેશ કાપડિયા

**નાટ્યવિદ્ - એન્કર**

- ૨૦૨૪ - ડો.ફારુકભાઈ પટેલ( કે.પી.ગૃપ ચેરમેન)

**પત્રકાર સ્વ. પ્રવિણકાંત રેશમવાલા ઇન્સ્ટિટયૂટ ઓફ જર્નાલિઝમ સ્ટુડન્ટ એવોર્ડ**

- ૨૦૨૪ - પટેલ યુચિત ધીમંત

સુરતઃ ભારતનું ભાવિ ખૂબ ઉજળું છે પણ તેની મોટા ભાગની જવબદારી આજની વિશાળ અને વિરાટ યુવા પેઢીના હાથમા છે, ચોથી જાગીર એવા મીડિયાના હાથમા છે પણ એ માટે અખબારોએ તેમના પહેલા પાનાનું કલેવર બદલવું પડશે, પોઝિટિવ ન્યુઝને વધુમહત્વ આપવું પડશે એમ આજે સ્વામી નારાયણ સંપ્રદાયના વિશ્વખ્યાત સ્વામી જ્ઞાનવત્સલજીએ સંજીવકુમાર ઓડિટરીયમમાં યોજાયેલા પત્રકાર સન્માન સમારંભના મંચ પરથી કહ્યું હતું

સુરત શહેર પત્રકાર કલ્યાણ નિધિ દ્વારા પ્રતિ વર્ષ યોજાતો પત્રકાર સન્માન અને એવોર્ડ વિતરણ સમારોહ આજ રોજ સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો .આ સમારોહમાં લાઈફ મિશન અને વિખ્યાત પ્રવક્તા પૂ. ડો. જ્ઞાનવત્સલ સ્વામી તથા જાણીતા લોક કલાકાર પદ્મશ્રી શાહબુદીન રાઠોડના હસ્તે એવોર્ડ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં એનાયત થનારા વિવિધ એવોર્ડમાં બટુકરાય દીક્ષિત 'ગુજરાતમિત્ર'ના વરિષ્ઠ પત્રકરા આરિફ નાલબંધને તેમજ સી.કે.પીઠાવાલા સ્પોર્ટસ જર્નાલિસ્ટ એવોર્ડ ગુજરાતમિત્રના રાકેશ ઢીમ્મરને એનાયત થયો હતો.

તેમજ આજના આ કાર્યક્રમમાં ટ્રસ્ટી મંડળમાં પ્રમુખ અમૃત વડિયા, મંત્રી મેહુલ દેસાઈ, સહમંત્રી હરેશ જાની તેમજ કાયમી ટ્રસ્ટી તરીકે આશિષ ગાંધી, રૂપીન પચ્ચીગર, હિરેન દીવાન, કેતન વકીલ અને ચિરાગ ચોકસી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.